# શિવમંદિરનું રહસ્યદર્શન

શિવમંદિરમાં આઠ મૂર્તિઓ હોય છે :

| | | |
|---|---|---|
| (૧) કાપાલિક | (૪) હનુમાનજી | (૭) પાર્વતી |
| (૨) ભૈરવ | (૫) કચ્છપ | (૮) શિવલિંગ. |
| (૩) નંદી | (૬) ગણપતિ | |

રાજયોગમાં આઠ અંગો છે :

| | | |
|---|---|---|
| (૧) યમ | (૪) પ્રાણાયામ | (૭) ધ્યાન |
| (૨) નિયમ | (૫) પ્રત્યાહાર | (૮) સમાધિ. |
| (૩) આસન | (૬) ધારણા | |

(૧) પ્રાચીન પરંપરાના શિવમંદિરની બહાર કાપાલિકની મૂર્તિ હોય છે. કાપાલિકના હાથમાં તલવાર હોય છે. કાપાલિક આ તલવાર દ્વારા શિવ-ઉપાસનામાં બાધારૂપ તત્ત્વોને અર્થાત્ માનવચિત્તની મર્યાદાઓને કાપી નાખે છે.

અષ્ટાંગયોગમાં આ કાર્ય 'યમ' દ્વારા થાય છે. યમ પાંચ છે – સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ. અસત્ય, હિંસાવૃત્તિ, ભોગવાસના, ચૌર્યવૃત્તિ અને સંગ્રહવૃત્તિ – આ પાંચ બંધન છે, પાશ છે અને તેથી અધ્યાત્મપથમાં બાધાકારક છે. પાંચ યમના પાલન દ્વારા સાધક આ બંધનને કાપી નાખે છે અને યોગના ઉચ્ચતર અભ્યાસમાં સરળતાથી આગળ વધે છે. આ સત્ય શિવમંદિરમાં કાપાલિકના પ્રતીક દ્વારા સૂચિત થાય છે. કાપાલિકની જેમ યમ અને યમની જેમ કાપાલિક અધ્યાત્મયાત્રીનાં – શિવોપાસકનાં બંધનોને છેદી નાખે છે.

(૨) શિવમંદિરમાં કાપાલિકની સાથે ભૈરવની મૂર્તિ પણ હોય છે. ભૈરવ શિવમંદિરના રક્ષક ગણાય છે. વારાણસીના પ્રધાન દેવ કાશી વિશ્વનાથ

છે અને કાળભૈરવ વારાણસીના કોટવાળ અર્થાત્ રક્ષક ગણાય છે. આમ, ભૈરવ રક્ષકદેવ છે. કૂતરો ભૈરવનું વાહન ગણાય છે. કૂતરો રક્ષાનું પ્રતીક છે.

યોગમાં દ્વિતીય સોપાન નિયમ છે. નિયમ દ્વારા જ યોગસાધનાની રક્ષા થાય છે. નિયમ વિના યોગસાધના પરિપૂર્ણ થાય નહીં. નિયમ પાંચ છે – શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન. આ પાંચ નિયમો દ્વારા સાધકની યોગસાધનાની રક્ષા થાય છે. તેમની રક્ષાથી રક્ષિત સાધક સમાધિ અને કૈવલ્ય સુધી પહોંચી શકે છે.

ભૈરવ શિવમંદિરના રક્ષકદેવ છે, કોટવાળ છે. ભૈરવ શિવમંદિરની અને શિવ-ઉપાસકની, તેની શિવ-ઉપાસનાની રક્ષા કરે છે. શિવમંદિરમાં જે સ્થાન ભૈરવનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં નિયમનું છે. ભૈરવ દ્વારા નિયમ અને નિયમ દ્વારા ભૈરવ સૂચિત થાય છે. ભૈરવ અને નિયમ શિવઉપાસના અને યોગસાધનાની રક્ષા કરે છે.

(૩) શિવમંદિરની તૃતીય મૂર્તિ નંદી છે. અષ્ટાંગયોગમાં આસન તૃતીય અંગ છે. નંદી આસિન છે અર્થાત્ પગ વાળીને બેઠેલા છે અને આસનસ્થ પણ છે. નંદીની આ અવસ્થા અને તે રીતે નંદીની મૂર્તિ દ્વારા યોગનું તૃતીય અંગ આસન સૂચિત થાય છે. નંદીનું મુખ શિવ તરફ જ હોય છે. તેના દ્વારા એમ સૂચિત થાય છે કે આસન સમાધિ અને કૈવલ્યપ્રાપ્તિ માટે ધારણ કરવાનું છે. આસન અને નંદીનું મુખ સમાધિ અને શિવ તરફ છે.

(૪) શિવમંદિરની ચતુર્થ મૂર્તિ હનુમાનજી છે. હનુમાનજી વાયુપુત્ર છે. અષ્ટાંગયોગમાં ચતુર્થ અંગ પ્રાણાયામ છે. પ્રાણાયામ વાયુના નિયંત્રણ દ્વારા પ્રાણજયની સાધના છે. હનુમાનજીની મૂર્તિ દ્વારા યોગનું ચતુર્થ અંગ પ્રાણાયામ સૂચિત થાય છે. આપણા શરીરમાં રહેલા પ્રાણતત્ત્વના અધિષ્ઠાતા દેવ હનુમાનજી ગણાય છે. શિવમંદિરમાં જે સ્થાન હનુમાનજીનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં પ્રાણાયામનું છે. પ્રાણાયામ વાયુના નિયંત્રણ સાથે ગાઢ રીતે સંકળાયેલી યોગસાધના છે અને હનુમાનજી તો વાયુપુત્ર છે. આમ, હનુમાનજી અને પ્રાણાયામનો અન્યોન્ય સંબંધ સુસ્પષ્ટ છે.

(૫) શિવમંદિરની પાંચમી મૂર્તિ કચ્છપ છે. કચ્છપ એટલે કાચબો. અષ્ટાંગયોગનું પાંચમું અંગ પ્રત્યાહાર છે. ઇન્દ્રિયો પોતાના વિષયોમાંથી

પાછી હઠીને પોતાના ગોલકોમાં પાછી ફરે તે પ્રત્યાહાર છે. આવી જ ઘટના કાચબાના વ્યવહારમાં પણ જોવા મળે છે. કાચબો પોતાનાં અંગોને અંદર સંકોરી લે છે. કાચબાની આ અંગોને સંકોરી લેવાની પ્રક્રિયા દ્વારા પ્રત્યાહારની ઘટના સૂચિત થાય છે, તેથી કાચબો પ્રત્યાહારનું પ્રતીક છે.

આમ, શિવમંદિરમાં જે કચ્છપ તે જ અષ્ટાંગયોગમાં પ્રત્યાહાર છે. કચ્છપ મૂર્તિ દ્વારા પ્રત્યાહાર અને પ્રત્યાહાર દ્વારા કચ્છપ મૂર્તિ સૂચિત થાય છે.

(૬) શિવમંદિરની છઠ્ઠી મૂર્તિ ગણપતિ છે. અષ્ટાંગયોગનું છઠ્ઠું અંગ ધારણા છે. ધારણા એટલે કોઈ વિષયમાં ચિત્તનું એકાગ્ર થવું. ગણપતિની આંખો ઝીણી છે અર્થાત્ એકાગ્ર થયેલી છે. આ રીતે ગણપતિની મૂર્તિ દ્વારા એકાગ્રતા અને એકાગ્રતા (ધારણા) દ્વારા ગણપતિ સૂચિત થાય છે.

આમ, શિવમંદિરમાં જે સ્થાન ગણપતિનું છે, તે સ્થાન અષ્ટાંગયોગમાં ધારણાનું છે.

(૭) શિવમંદિરમાં સાતમી મૂર્તિ પાર્વતીજી છે. અષ્ટાંગયોગમાં સાતમું અંગ ધ્યાન છે. પાર્વતીજી શિવનું ધ્યાન કરે છે, એટલું જ નહીં, પરંતુ પાર્વતીજી ઉપાસકને શિવની પ્રાપ્તિ કરાવે છે, શિવ સુધી દોરી જાય છે. તે જ રીતે ધ્યાનયોગીને સમાધિની પ્રાપ્તિ કરાવે છે, સમાધિ સુધી દોરી જાય છે. યૌગિક સાધનપદ્ધતિ પ્રમાણે ધ્યાન જ વિકસીને સમાધિમાં પરિણમે છે.

આમ, પાર્વતીજી દ્વારા ધ્યાન અને ધ્યાન દ્વારા પાર્વતીજી સૂચિત થાય છે.

(૮) શિવમંદિર અષ્ટમ્ મૂર્તિ શિવલિંગ છે. અષ્ટાંગયોગનું આઠમું અને આખરી અંગ સમાધિ છે. શિવમંદિરમાં શિવલિંગ પ્રધાનમૂર્તિ અને કેન્દ્રસ્થ તત્ત્વ છે, તે જ રીતે અષ્ટાંગયોગમાં સમાધિ આખરી સોપાન અને કેન્દ્રસ્થ તત્ત્વ છે, ધ્યેય છે. તેથી જે સ્થાન શિવમંદિરમાં શિવલિંગનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં સમાધિનું છે.

આમ, શિવલિંગ દ્વારા સમાધિ અને સમાધિ દ્વારા શિવલિંગ સૂચિત થાય છે.

આ રીતે જોઈ શકાય છે કે શિવમંદિર દ્વારા અષ્ટાંગયોગ અર્થાત્ શિવમંદિરની અષ્ટમૂર્તિ દ્વારા અષ્ટાંગયોગ (રાજયોગ)નાં આઠ અંગ સૂચિત થાય છે.

•

# આર્યો ભારતમાં બહારથી આવ્યા છે?

એક માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત થઈ છે કે આર્યો ભારતમાં બહારથી આવ્યા છે. માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત હોય તેથી તે સાચી જ હોય તેમ નથી. ખોટી માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત થાય છે એટલે લોકો તેને સાચી માની લે છે અને તેવી ખોટી માન્યતા ઇતિહાસને પાને સત્ય હકીકત તરીકે નોંધાઈ જાય છે. એટલું જ નહીં, ઇતિહાસને પાને નોંધાઈ જનાર આ ખોટી માન્યતાને એક ઐતિહાસિક સત્ય તરીકે શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે.

માન્યતા ગમે તેટલી વ્યાપક બને તો પણ તે માન્યતા ખોટી હોય તો તે સત્ય બની શકે નહીં.

એક માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત છે અને મહાભારત આદિ અનેક ગ્રંથોમાં હકીકત તરીકે નોંધાયેલી છે કે ધૃતરાષ્ટ્રનાં પત્ની ગાંધારીને સો પુત્રો હતા. કોઈ પણ સ્ત્રી એક જ જન્મમાં સો પુત્રોની માતા બની શકે? આવી માન્યતાને સત્ય હકીકત તરીકે કેવી રીતે સ્વીકારી શકાય? આ ખોટી માન્યતાનું સત્ય હકીકત તરીકે સિદ્ધ કરવા માટે એક તુક્કો પણ આપવામાં આવે છે. ગાંધારીને એક પિંડનો જન્મ થયો. આ એક પિંડના સો ભાગ થયા અને તેમાંથી સો બાળકો – કૌરવો પ્રગટ થયા. આ વાતનો કોઈ પણ રીતે સ્વીકાર થઈ શકે તેમ નથી. તો પણ લગભગ સર્વસ્વીકૃત હકીકત તરીકે પ્રચલિત થઈ ગયેલી છે.

આર્યો ભારતમાં બહારથી આવેલા છે તે એક વ્યાપક પ્રમાણમાં પ્રચલિત અને લગભગ સર્વસ્વીકૃત હોવા છતાં ખોટી માન્યતા છે.

હવે આપણે સમજવાનો પ્રયત્ન કરીએ કે આ ખોટી માન્યતા એક ઐતિહાસિક સત્યઘટના તરીકે પ્રતિષ્ઠિત કેવી રીતે બની ગઈ છે?

ભારતીય પ્રજાને કદી કલ્પના પણ આવી નથી કે તેઓ પોતે આ દેશમાં અર્થાત્ આર્યાવર્તમાં બહારથી આવ્યા છે.

કોઈ પણ મહાન ઘટના ઇતિહાસને પાને નોંધાય કે ન નોંધાય તો પણ તે ઘટના પ્રજાની સ્મૃતિમાં રહે જ છે. મહાભારતનું યુદ્ધ અને રામ-રાવણનું યુદ્ધ – આ બંને મહાન ઘટનાઓની જાણકારી આ દેશના અભણ અને ભણેલા સૌને છે. જેમણે કોઈ ગ્રંથ વાંચ્યો નથી તેઓ પણ આ બે મહાન ઘટનાઓ વિશે જાણે છે અને તેમના વિશે અપરંપાર વાતો પણ કરે છે. આર્યો ભારતમાં બહારથી આવ્યા છે, તેવી કોઈ સ્મૃતિ, ઉલ્લેખ કે ઘટના ભારતીય પ્રજાની સ્મૃતિમાં છે જ નહીં. તો તમે શાના આધારે કહો છો કે આર્યો ભારતમાં બહારથી આવ્યા છે.

આર્યો ભારતમાં બહારથી આવ્યા છે, આ ગતકડું સૌથી પહેલાં કોણે મૂક્યું?

ભારતમાં અંગ્રેજોનું રાજ્ય હતું, તે સમયની આ વાત છે. તે વખતે અંગ્રેજોની રાજધાની કલકત્તામાં હતી. એક બહુ મોટા અંગ્રેજ અધિકારી તે સમયે ત્યાં કાર્યરત હતા. સંભવતઃ તેમનું નામ જૉન ડ્યુઈ હતું. જૉન ડ્યુઈ બહુ મોટા ભાષાવિદ્ હતા. વિશ્વની અનેક પ્રાચીન અર્વાચીન ભાષાઓના તેઓ જાણકાર હતા. મેસેડોનિયા અને એસેરિયાની ભાષા અને પ્રાચીન સંસ્કૃત ભાષાનાં કેટલાંક સાદૃશ્ય તેમણે શોધી કાઢ્યાં અને તેને આધારે તેમણે આ ગતકડું મૂક્યું કે આર્યો ભારતમાં બહારથી આવ્યા છે.

ચતુર અંગ્રેજોએ આ વાત પકડી લીધી. આર્ય પ્રજાના મનમાં ઠસાવી દીધું કે ઇસ્લામ ધર્મ બહારથી આવ્યો છે, અમે અંગ્રેજો બહારથી આવ્યા છીએ તેમ તમે પણ બહારથી આવ્યા છો. આર્યોનો આર્યાવર્ત સાથેનો જુગજૂનો નાતો તોડી નાખવાની પેરવી થઈ અને ભોળિયા હિન્દુઓએ જરા પણ પ્રતિકાર કર્યા વિના સ્વીકારી લીધું કે ભલે, અમે પણ બહારથી આવ્યા છીએ. આ વાત ઇતિહાસના ગ્રંથોમાં નોંધાવવામાં આવી અને શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓને ભણાવવાનો પણ પ્રારંભ થયો અને આમ ચાલ્યું અને ચાલતું રહ્યું.

હવે પ્રશ્ન એ છે કે તો સત્ય શું છે?

આર્યો બહારથી ભારતમાં આવ્યા છે, તે વાત સાચી નથી. આર્યોએ સ્થળાંતર કર્યું છે. તે વાત સાચી છે. આ સ્થળાંતર છે – આર્યો હિમાલયમાંથી નીચેના મેદાની વિસ્તારમાં ઊતરી આવ્યા છે, તે વાત સાચી છે અને તે ઐતિહાસિક હકીકત છે.

હિમાલય એક પર્વતશિખર નથી. હિમાલય એક પર્વતમાળા જ નથી.

હિમાલયમાં અનેક પર્વતમાળાઓ છે. હિમાલયમાં માત્ર પર્વતશિખરો જ નથી. હિમાલયમાં નિવાસ કરી શકાય, તેમાં મેદાની પ્રદેશો પણ અપરંપાર છે. હિમાલય ૩૦૦૦ કિ.મી. લાંબો અને ૩૦૦ કિ.મી. પહોળો વિશાળ પ્રદેશ છે. વર્તમાનકાળમાં પણ હિમાલયમાં વસતા માનવોની સંખ્યા દસ કરોડથી અધિક છે. આ વિશાળ હિમાલયમાં આર્યોની વસાહતો હતી અને ઉચ્ચ કોટિનાં ઋષિકુલો પણ હિમાલયમાં હતા.

વેદમાં અનેક સ્થાને શતદ્રુ (શતલજ), સિંધુ આદિ સ્થાનોના ઉલ્લેખો છે.

હિમાલયમાં વસતાં આ આર્યકુલો નીચેનાં મેદાનોમાં ઊતરી આવ્યાં અને વસવા માંડ્યાં તથા વસી ગયાં તે વાત સાચી છે, પરંતુ સમગ્ર આર્યપ્રજા બહારથી આવીને ભારતમાં આવીને વસી છે, તે વાત સાચી નથી.

અંગ્રેજ ઇતિહાસકારોએ લખેલી વાત આપણે આંખો બંધ કરીને સ્વીકારી જ લેવી જોઈએ તેમ થવું આવશ્યક નથી અને અંગ્રેજ ઇતિહાસકારોના અનુકરણમાં ભારતીય ઇતિહાસકારો જે વાત બોલે કે લખે તે સ્વીકારી જ લેવી જોઈએ તેમ પણ નથી.

આપણે શું કરવાનું છે? આપણે આપણી મતિનો પણ ઉપયોગ કરવો જોઈએ.

અમારી મતિ અમને કહે છે – આપણે આર્યો ભારતની બહારથી ભારતમાં આવ્યા નથી. હા, હિમાલયમાંથી આર્યો નીચેના મેદાની વિસ્તારમાં ઊતરી આવ્યા છે, તે વાત સાચી છે.

•

# શંકાનિવારણ

## ૧. શિવ અનાર્ય દેવ છે?

કેટલાક પશ્ચિમી વિદ્વાનોએ આ વિચાર વહેતો મૂક્યો અને તેમના અનુકરણમાં કેટલાક વામણા ભારતીય વિદ્વાનોએ પણ એ વાત સ્વીકારી લીધી કે શિવ મૂલતઃ અનાર્ય દેવ છે અને આર્યોએ પાછળથી તેમને પોતાના દેવ તરીકે સ્વીકાર્યા છે.

વસ્તુતઃ આ આક્ષેપ સાવ તથ્યહીન છે, આ શંકા અર્થહીન છે. શિવ અનાર્ય દેવ છે, તેમ માનનારા વિદ્વાનો પોતાની આ માન્યતાના સમર્થનમાં દલીલો કરે છે.

(૧) શિવનો અમંગળ વેશ તેની અનાર્યતા સૂચવે છે.

(૨) શિવનો પ્રસાદ ગ્રહણ ન કરવાની પરંપરા તેની અનાર્યતા સૂચવે છે.

(૩) હડપ્પા અને મોહેંજોદડોના અવશેષોમાં શિવલિંગ મળ્યાં છે. આ બંને નગરો અનાર્ય પ્રજાનાં નગરો મનાય છે.

(૪) શિશ્નપૂજા અને યોનિપૂજા અનાર્ય પરંપરાની સૂચક છે. શિવલિંગ શિવશિશ્ન છે. તેથી શિવ અનાર્ય દેવ હોય તેમ કહી શકાય. આ ચારે દલીલોના પ્રત્યુત્તર આ પ્રમાણે છે :

(૧) શિવના સ્વરૂપમાં ભસ્મ, વ્યાઘ્રચર્મ, નાગ, ખોપરી આદિ છે. તેમનો સાંકેતિક અર્થ આપણે જોઈ ગયા છીએ. આ પદાર્થોને સ્થૂળ અર્થમાં લઈએ તો શિવના બ્રહ્મસ્વરૂપને સમજી શકાય તેમ નથી. તેથી આ પદાર્થોનો સૂક્ષ્મ અને સાંકેતિક અર્થ જ લેવો જોઈએ અને તો શિવને અમંગલ વેશધારી કહી શકાય તેમ નથી.

એ ન ભૂલવું જોઈએ કે ભારતીય પરંપરામાં શિવને બાહ્ય દૃષ્ટિથી અમંગલ વેશધારી ગણેલા હોવા છતાં સર્વમંગલદાયી ગણેલા છે. (શિવમહિમ્નસ્તોત્ર-૨૪)

શિવનો વેશ પ્રથમ દૃષ્ટિએ અમંગલ જેવો લાગે છે, તેનું કારણ એ

છે કે શિવજી નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ છે. નિર્ગુણ બ્રહ્મ ગુણરહિત છે, ગુણાતીત છે. જે સ્વરૂપ દ્વારા નિર્ગુણ બ્રહ્મ સૂચિત થાય છે, તે સ્વરૂપ પીતાંબર પહેરે તો તે શોભે? તે સ્વરૂપના મસ્તક પર સુવર્ણમુકુટ શોભે? આવા અલંકારો સગુણ સાકાર બ્રહ્મને શોભે, નિર્ગુણ બ્રહ્મને નહીં. આ દૃષ્ટિથી શિવના વેશને સમજવામાં આવે તો સ્પષ્ટ થશે કે શિવનો આ વૈરાગી જેવો વેશ તેની અનાર્યતાનો નહીં, પરંતુ તેના પરબ્રહ્મપણાનો દ્યોતક છે.

(૨) શિવનો પ્રસાદ ગ્રહણ ન કરવાનું કારણ આપણે જોઈ ગયા તે પ્રમાણે શિવની પરબ્રહ્મતા જ છે, શિવની અનાર્યતા નહીં જ. જો આર્ય પ્રજા શિવને અનાર્ય માનીને તેનો પ્રસાદ ગ્રહણ ન કરે તો તેની પૂજા શા માટે કરે? તેનાં મંદિરો શા માટે રચે? તેની પ્રાર્થના શા માટે કરે? તેના યજ્ઞો શા માટે કરે? આમ, પ્રસાદ ગ્રહણ ન કરવાની પરંપરા દ્વારા શિવને અનાર્ય દેવ ગણી શકાય નહીં.

(૩) હડપ્પા અને મોહેંજોદડોના અવશેષોમાં શિવલિંગ મળી આવ્યાં તેટલા માત્રથી શિવ અનાર્ય દેવ છે, તેમ સિદ્ધ થઈ શકે નહીં. કોઈ પણ અનુમાન પ્રક્રિયાને આટલી હદ સુધી લંબાવી શકાય નહીં. શિવલિંગ ત્યાં કેવી રીતે અને કયા સ્વરૂપે હતું તે આપણે કહી શકીએ તેમ નથી, તેથી આવા એકાદ અવશેષ દ્વારા શિવને અનાર્ય દેવ સાબિત કરવા તે અસંગત દલીલ છે.

(૪) શિવલિંગને શિવશિશ્ન માનવું તે જ બરાબર નથી. શિવલિંગ શિવતત્ત્વનું ચિહ્ન છે. શિવલિંગ એટલે શિવનું ચિહ્ન, પરંતુ શિવનું શિશ્ન નહીં. આમ શિવલિંગ તે શિવશિશ્ન નથી જ. તેથી શિશ્નપૂજાના અનુમાન દ્વારા શિવને અનાર્ય દેવ માની શકાય તેમ નથી.

આમ, શિવને અનાર્ય દેવ માનવા માટેની ચારે દલીલો વજૂદ વગરની છે.

શિવ વૈદિક દેવ છે, તેવા પાર વિનાના પુરાવા વૈદિક સાહિત્યમાં મળી આવે છે. વેદોમાં અનેક સ્થળે રુદ્રનાં સૂક્તો છે. અષ્ટાધ્યાયી રુદ્રી વૈદિક મંત્રોનો જ સમુચ્ચય છે. રુદ્રીનો પાંચમો અધ્યાય શતરુદ્રી ગણાય છે. તેમાં રુદ્રની જ વંદના કરેલી છે. વૈદિક ભાષામાં જે રુદ્ર છે, તે જ પૌરાણિક ભાષામાં શિવ છે. યજુર્વેદના નમનાનુવાકના આઠમા અનુવાકના ત્રણ મંત્રો અહીં જોઈએ

नमः शंभवे च मयो भवे च ॥९॥
नमः शंकराय च मयस्कराय च ॥१०॥
नमः शिवाय च शिवतराय च ॥११॥

રુદ્રને નમન કરનારા આ ત્રણે મંત્રોમાં શિવનાં ત્રણે નામો છે – શંભુ, શંકર અને શિવ.

વેદમાં આવાં બીજાં પણ અનેક સૂક્તો અને મંત્રો છે, જેના પરથી સ્પષ્ટતઃ સિદ્ધ થાય છે કે રુદ્ર અર્થાત્ શિવ એક વૈદિક દેવ છે. જે દેવનાં વેદમાં આટલાં ગુણગાન ગવાયાં છે, આટલી પ્રાર્થના થઈ છે, તે દેવને અનાર્ય ગણવા તે સર્વથા અસત્ય છે.

આદિથી અંત સુધી શિવ આર્ય પ્રજાના ઇષ્ટ દેવ છે. આર્ય પ્રજાના હૃદયમાં તેમનું સ્થાન અબાધિત છે. શિવને અનાર્ય દેવ ગણીને પ્રજાની અસ્મિતાને તોડવાનો પ્રયત્ન કરવો તે રાષ્ટ્રીય અપરાધ તો છે જ અને તેથી પણ વિશેષ તે એક શિવાપરાધ છે.

## ૨. શિવલિંગ શિવશિશ્ન છે?

આપણે જોઈ ગયા તે પ્રમાણે 'લિંગ' પદનો અર્થ અહીં શિશ્ન નહીં, પરંતુ ચિહ્ન છે. તેથી શિવલિંગ એટલે શિવનું શિશ્ન નહીં, પરંતુ શિવતત્ત્વનું અર્થાત્ બ્રહ્મતત્ત્વનું ચિહ્ન.

વેદમાન્ય ભારતીય પરંપરામાં શિશ્નપૂજા કે યોનિપૂજાને કોઈ સ્થાન નથી. ભારતમાં વામતાંત્રિકો સિવાય કોઈએ આવી પૂજાને માન્ય પણ ગણી નથી અને સ્વીકારી પણ નથી. વામતાંત્રિકો પણ શિશ્નપૂજા કે યોનિપૂજાની એકાંતમાં ગુપ્ત રીતે આવી વિધિઓ કરતા અને તેમને તથા તેમની આવી વિધિઓને સમાજ તરફથી ત્યાજ્ય અને બહિષ્કૃત ગણવામાં આવેલી છે. તેથી સ્પષ્ટ થાય છે કે ભારતીય સમાજે યોનિપૂજા કે શિશ્નપૂજાનો વ્યાપક રીતે અને ખુલ્લી રીતે ક્યારેય સ્વીકાર કર્યો નથી.

શિવપૂજા તો ભારતમાં વ્યાપક રીતે થાય છે, સમાજમાન્ય ગણાય છે. શિવલિંગ ભારતના સર્વ હિન્દુઓ માટે હંમેશાં વંદનીય અને પૂજનીય જ ગણાયાં છે. શિવપૂજા તો ભારતમાં સર્વમાન્ય, ગણમાન્ય અને સાર્વભૌમ ગણાય છે. આવી સાર્વભૌમ ધાર્મિક વિધિને શિશ્નપૂજાનું સ્વરૂપ ગણવામાં આવે તો તે માત્ર ભૂલ જ નહીં, પરંતુ અપરાધ પણ છે.

કેટલાક વામણા અને દૃષ્ટિહીન વિદ્વાનો (?)એ આવી વાત વહેતી મૂકી છે કે શિવલિંગ તે શિવશિશ્નનું પ્રતીક છે, પરંતુ વાતાવરણમાં વહેતા મુકાયેલા આ વિચારનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

આપણે માટે સૂર્ય જેવું સ્પષ્ટ અને પહાડ જેવું નિશ્ચિત સત્ય એ છે કે શિવલિંગ એટલે બ્રહ્મતત્ત્વનું ચિહ્ન કે પ્રતીક.

વસ્તુતઃ તો આવા મોંમાથા વિનાના આક્ષેપનો ઉત્તર પણ ન આપવો જોઈએ. ઉત્તર આપવા જેટલી યોગ્યતા પણ આ આક્ષેપમાં નથી, પરંતુ આવા આક્ષેપોનો પ્રચાર થયો છે, પુસ્તકોમાં પણ આવા આક્ષેપોને સ્થાન આપવામાં આવે છે. સજ્જનો પણ છેતરાય છે. આવી પરિસ્થિતિ હોવાથી આવા તથ્યહીન આક્ષેપોનો ઉત્તર આપવાનું સંજોગોવશાત્ આપણા માથા પર આવી પડે છે.

ઉપસંહાર

तव तत्त्वं न जानामि कीदृशोऽसि महेश्वर।
यादृशोऽसि महादेव तादृशाय नमो नमः॥

*'હે મહેશ્વર (મહાદેવ)! તમે કેવા છો, તે તમારું તત્ત્વ હું જાણતો નથી.*
*તમે જેવા હો તેવા, હે મહાદેવ! હું તમને નમસ્કાર કરું છું.*

શિવતત્ત્વ અનંત છે, તેનો મહિમા અનંત છે, તેનું સ્વરૂપ અમાપ અને અગમ્ય છે. તેને પૂરેપૂરું કોણ જાણી શકે?

શિવની કૃપાથી અમે શિવતત્ત્વને કંઈક જાણીએ છીએ અને જે કંઈ જાણીએ છીએ તે શિવનાં ચરણોમાં સમર્પિત કરીએ છીએ.

ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टिवर्धनम्।
उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात्॥

*'સુગંધ અને પુષ્ટિનું વર્ધન કરનાર ત્રિનેત્ર-શિવનું અમે યજન કરીએ છીએ.*
*કાકડી જેમ વેલાના બંધનમાંથી મુક્ત થાય તેમ,*
*તે (શિવ) અમને મૃત્યુ (રૂપી સંસાર)માંથી મુક્ત કરે,*
*પણ (પરમ તત્ત્વરૂપ) અમૃતથી નહીં.'*

●

# પોકળ બ્રહ્મચર્ય

બ્રહ્મચર્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરનાર ઘણા સાધુસંતોના પરિચયમાં આવવાનું બન્યું છે. તેમના આંતર્બાહ્ય જીવનમાં ડોકિયું કરવાની તક પણ મળી છે. જેમના જીવનમાં બ્રહ્મચર્ય યથાર્થ સ્વરૂપે નિષ્પન્ન થયું હોય તેવા સાચા બ્રહ્મચારીઓનાં દર્શન થયાં છે. કેટલાક એવા બ્રહ્મચારીઓ પણ જોયા છે જેમના બાહ્યજીવનમાં બ્રહ્મચારીની શિસ્ત હોય પણ આંતર્જીવનમાં બ્રહ્મચર્ય સિદ્ધ ન થયું હોય.

સાચા બ્રહ્મચારીઓ અર્થાત્ જેમના જીવનમાં આંતરિક અને બાહ્ય, બંને સ્વરૂપનું બ્રહ્મચર્ય સિદ્ધ થયું છે, તેઓ વંદનને પાત્ર છે, આદરને પાત્ર છે. તેમનો સંગ પ્રેરણાદાયી બને છે. તેમની સાથે જીવવું, તેમની સાથે બેસવું, તેમની જીવનપદ્ધતિનાં દર્શન કરવા, તેમની સાથે સત્સંગ ભાવે વાર્તાલાપ કરવો – આ બધું મનને એક પગથિયું ઊંચે લઈ જનાર છે. તેથી તેઓ વિશેષ ધ્યાનને પાત્ર છે, પરંતુ જેમના બાહ્યજીવનમાં બ્રહ્મચર્યની બહિરંગ શિસ્ત સિદ્ધ થઈ હોવા છતાં આંતરિક રીતે બ્રહ્મચર્ય સિદ્ધ ન થયું હોય તેઓ વિશેષ ધ્યાનને પાત્ર નથી અને તેમનો સંગ ઉપકારક પણ નથી. છતાં જ્યારે આપણે બ્રહ્મચર્યના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે તેમના બ્રહ્મચર્યનો વિચાર કરવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે. તેથી બ્રહ્મચર્યની યથાશક્ય સર્વાંગી સમજ મેળવવાના પ્રયત્નના ભાગરૂપે આપણે અહીં તેમનો વિચાર કરીએ છીએ.

કેટલાક એવા બ્રહ્મચારીઓનો પરિચય થયો છે, જેઓ તેમના બાહ્ય જીવનમાં બ્રહ્મચર્યનું પાલન કરે છે. તેઓ પોતાને બ્રહ્મચારી માને છે. તેમની આજુબાજુના બધા માણસો તેમને સાચા બ્રહ્મચારી અને પવિત્ર માણસ ગણે છે. તેઓ અપરિણીત છે અને સૌ માને છે અને સાચું છે કે તેઓ વ્યભિચારી નથી. અન્ય માર્ગે પણ તેમના બ્રહ્મચર્યનો ભંગ નહીં થતો હોય તેમ સૌ માને છે અને મને પણ તેમ માનવામાં વાંધો નથી. છતાં તેમના બ્રહ્મચર્યના સ્વરૂપને તપાસવું આવશ્યક છે. તેમાંના ઘણાને ખૂબ નજીકથી જોયા છે. તેથી તેમના

વ્યક્તિત્વનાં ઊડીને આંખે વળગે તેવાં લક્ષણોને હું જાણું છું. થોડાં મહત્ત્વપૂર્ણ લક્ષણો અહીં પ્રસ્તુત છે :

૧. શારીરિક અર્થાત્ બાહ્ય દૃષ્ટિથી તેઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે.

૨. સ્ત્રીઓથી ખૂબ દૂર રહે છે. એમ કહી શકાય કે તેઓ સ્ત્રીઓથી ભડકીને દૂર ભાગે છે.

૩. તેઓ સ્વભાવે બીકણ છે. તેમના ચિત્તમાં ઊંડી ભયગ્રંથિ હોય તેવું લાગે છે અને આ ભયગ્રંથિ તેમના વર્તનમાં સતત વ્યક્ત થયા કરે છે.

૪. તેમને પતનની સતત બીક લાગે છે. તેઓ 'મારું પતન થઈ જશે તો?' એવી આશંકા અને ભય હેઠળ જીવે છે.

૫. તેમનામાં આધિપત્ય જમાવવાની પ્રબળ વૃત્તિ જોવા મળે છે.

૬. તેમની જીવનપદ્ધતિ ઘણી અવ્યવસ્થિત છે. જીવનમાં, વિચારધારામાં, વર્તનમાં, કાર્યશૈલીમાં – ક્યાંય સુવ્યવસ્થા જોવા મળતી નથી.

૭. તેઓ સ્વભાવે અતિ ક્રોધી છે.

૮. તેઓ ડગલે ને પગલે ખોટું બોલે છે. એટલું જ નહીં, પણ તેમાંના કેટલાક એવા પણ છે જેઓ ખોટું બોલવું બરાબર છે, તેમ માને છે.

૯. અન્ય લોકો સાથેના વ્યવહારમાં તેઓ ઘણા આક્રમક અને ઝઘડાખોર છે.

૧૦. તેમના જીવનમાં અને વ્યવહારમાં ઈર્ષાનું તત્ત્વ ખૂબ છે. કોઈનો ઉત્કર્ષ તેઓ સાંખી શકતા નથી.

૧૧. તેમનામાં પરપીડનવૃત્તિ ખૂબ છે. આજુબાજુના માણસોને તેઓ સતત ત્રાસ આપ્યા કરે છે.

૧૨. તેમનામાં શંકાશીલતા ખૂબ છે. કોઈનામાં શ્રદ્ધા મૂકી શકતા નથી. એટલું જ નહીં, પણ કોઈ બે માણસોની મૈત્રી તેઓ સાંખી શકતા નથી. બીજા માણસો પોતાની વિરુદ્ધ કાવતરા કરી રહ્યા છે, એમ તેઓને લાગે છે.

૧૩. તેમના વ્યક્તિત્વમાં પ્રસન્નતા, સમતા કે શાંતિનો અંશ પણ જોવા મળતો નથી. તેઓ સતત અશાંત, ભયગ્રસ્ત અને અસ્વસ્થ રહ્યા કરે છે.

આ બધાં લક્ષણો ગણાવવા પાછળનો હેતુ તેમની નિંદા કરવાનો કે તેમને ઉતારી પાડવાનો નથી. તેમાંના કોઈની વિરુદ્ધ વ્યક્તિગત રીતે મારે કોઈ ફરિયાદ નથી. ભગવાન તેમનું ભલું કરે! છતાં તેમના વ્યક્તિત્વનાં આ બધાં લક્ષણો ગણાવવા પાછળનો હેતુ છે – બ્રહ્મચર્યના યથાર્થ સ્વરૂપની સમજ.

જે વ્યક્તિના વ્યક્તિત્વના ઉપર ગણાવ્યાં તેવાં લક્ષણો ઠાંસી ઠાંસીને ભર્યાં હોય તે સાચો બ્રહ્મચારી ગણાય? એક બ્રહ્મચારી આવો મનોરોગી હોઈ શકે? બ્રહ્મચારી આટલો ક્રોધી, ભયભીત, શંકાશીલ, ઈર્ષાળુ અને પરપીડક હોઈ શકે? અને હોય તો તેનું બ્રહ્મચર્ય કેવું? જે બ્રહ્મચારીના જીવનમાં સમતા, પ્રસન્નતા, નિર્ભયતા અને જીવમાત્ર પ્રત્યે સદ્‌ભાવ ન પ્રગટે તે બ્રહ્મચારીનું બ્રહ્મચર્ય યથાર્થ બ્રહ્મચર્ય ગણાય?

હવે આપણી સમક્ષ પ્રશ્ન આવે છે કે યથાર્થ બ્રહ્મચર્ય એટલે શું? યથાર્થ બ્રહ્મચર્યનાં લક્ષણો કયાં કયાં છે? બ્રહ્મચારીના જીવનમાં બ્રહ્મચર્યને પરિણામે શું નિષ્પન્ન થાય છે? ખરું બ્રહ્મચર્ય કયું અને પોકળ બ્રહ્મચર્ય કયું?

બ્રહ્મચર્ય એટલે કામવૃત્તિ પર સંયમ.

બ્રહ્મચર્ય એટલે ઉપસ્થ ઇન્દ્રિયનો સંયમ.

આ બંને વ્યાખ્યાઓ સાચી છે પણ અડધી અડધી છે. પ્રથમ સંયમ ચિત્તની ભૂમિકા પરનો છે અને દ્વિતીય સંયમ શરીરની ભૂમિકા પરનો છે. બંને મળીને બ્રહ્મચર્ય બને છે. બંને પરસ્પર પૂરક છે...

આ બંને સ્વરૂપના સંયમ જો યોગ્ય રીતે સિદ્ધ કરવામાં આવે તો તે બ્રહ્મચર્ય યથાર્થ બ્રહ્મચર્ય છે અને એવું બ્રહ્મચર્ય વંદનને પાત્ર છે, પરંતુ જો આ સંયમ દાબી દબાવીને ગલત પદ્ધતિથી સિદ્ધ કરવામાં આવે તો તે સંયમ દમનનું સ્વરૂપ ધારણ કરે છે અને તેવું બ્રહ્મચર્ય યથાર્થ બ્રહ્મચર્ય નથી, પણ દમન છે અને આવું દમન વ્યક્તિમાં અનેકવિધ વિકૃતિઓ સર્જે છે જે તે વ્યક્તિ અને સમાજ બંને માટે ઉપદ્રવકારી બને છે. શરીર અને ચિત્ત, બંને ભૂમિકા પર કામના વેગને દબાવી દેવામાં વ્યક્તિ સફળ થાય તો પણ તેનું બ્રહ્મચર્ય યથાર્થ બ્રહ્મચર્ય ન હોય અને પોકળ હોય તેમ બની શકે છે.

કામાવેગને શરીરની ભૂમિકાએ બળપૂર્વક દાબી દેવામાં આવે ત્યારે તે વેગ ચિત્તની ભૂમિકા પર ચાલ્યો જાય છે, તે વેગ વિશેષતઃ મનોમય સ્વરૂપ ધારણ

કરે છે. જ્યારે ચિત્તની ભૂમિકાએ પણ તેના પર વિજય મેળવવામાં આવે, તેને દાબી દેવામાં આવે ત્યારે તે અજાગૃત મનમાં સ્થાન જમાવે છે અને ત્યાં રહીને વ્યક્તિ અને સમાજમાં ખાનાખરાબી સર્જે છે. દમિત કામવાસના સેંકડો સમસ્યાઓ ઊભી કરે છે.

હવે આપણી સમક્ષ પ્રશ્ન એ છે કે આ પોકળ બ્રહ્મચર્ય અને યથાર્થ બ્રહ્મચર્ય વચ્ચે ભેદ શો છે?

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મપ્રાપ્તિની ચર્યા એટલે કે બ્રહ્મપ્રાપ્તિ માટે આવશ્યક તેવી જીવનપદ્ધતિ. સમગ્ર જીવનપદ્ધતિ સંયમી અને સાત્ત્વિક હોય તેવી જીવન-પદ્ધતિ બ્રહ્મપ્રાપ્તિ માટે અનુરૂપ ગણાય છે તેથી બ્રહ્મચર્યનું યથાર્થ સ્વરૂપ છે – મન સહિત સર્વ ઇન્દ્રિયોનો સંયમ. બ્રહ્મચર્ય એટલે સમગ્ર જીવનનો સંયમ. બ્રહ્મચર્યનો મૂળ અર્થ તો આ જ છે અને આવું બ્રહ્મચર્ય જ બ્રહ્મપ્રાપ્તિ માટેની ચર્યા છે. છતાં કામવૃત્તિ પરના સંયમને વિશેષતઃ બ્રહ્મચર્ય ગણવામાં આવે છે. તેમ હોવાનું કારણ એ છે કે કામવૃત્તિ પરના સંયમનું વિશેષ મૂલ્ય છે. હવે બ્રહ્મચર્ય એટલે શરીર અને મનની ભૂમિકાએ કામવૃત્તિ પરનો સંયમ – તેવો અર્થ લઈને, એટલું સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ કે આ સંયમ ક્યા સ્વરૂપે યથાર્થ બ્રહ્મચર્ય ગણાય અને કયા સ્વરૂપે પોકળ બ્રહ્મચર્ય ગણાય.

૧. જો શરીરની ભૂમિકાએ સંયમ સિદ્ધ કરવામાં આવે અને મનની ભૂમિકાએ સંયમ સિદ્ધ ન થયો હોય તો તે પોકળ બ્રહ્મચર્ય ગણાય.

૨. જો શરીરની ભૂમિકાએ સંયમ સિદ્ધ થયો હોય અને જાગૃત મનની ભૂમિકાએ પણ સંયમ સિદ્ધ થયો હોય પણ અજાગૃત મનમાં કામભાવ દમિતા સ્વરૂપે રહ્યો હોય તો તે પોકળ બ્રહ્મચર્ય ગણાય.

૩. શરીર અને મનની ભૂમિકાએ સંયમ સિદ્ધ કર્યા પછી જો વ્યક્તિત્વમાં દમિત કામ કોઈ પણ સ્વરૂપે વિકૃતિ ઊભી કરે તો તે બ્રહ્મચર્ય પોકળ ગણાય. એટલું જ નહીં, પણ વિકૃત પણ ગણાય.

જે બ્રહ્મચર્યમાં કામશક્તિ રચનાત્મક સ્વરૂપ ધારણ કરે અને અધ્યાત્મને માર્ગે વળે તે બ્રહ્મચર્ય જ ખરું બ્રહ્મચર્ય છે. આવા બ્રહ્મચર્યમાં કામની વિકૃતિ નહીં પણ કામની સંસ્કૃતિ છે. આવા બ્રહ્મચર્યમાં દમિત કામની દુર્ગંધ નહીં પણ ઊર્ધ્વીકરણની સુગંધ હોય છે.

કામોપભોગ એક નિમ્ન કોટિનો રસ છે. જે વ્યક્તિના જીવનમાં ઉચ્ચ કોટિનો રસ પ્રગટે તેના માટે આ નિમ્ન કોટિના રસનો ત્યાગ સહજ અને સરળ છે, પરંતુ જેના જીવનમાં ઉચ્ચ કોટિના રસનો કોઈ અણસાર પણ ન હોય અને તે બ્રહ્મચર્ય સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે તો તે બ્રહ્મચર્ય પોકળ બ્રહ્મચર્યનું સ્વરૂપ ધારણ કરે છે.

તો શું જેમણે પોકળ બ્રહ્મચર્ય સિદ્ધ કર્યું હોય તેમણે યથાર્થ બ્રહ્મચર્ય સિદ્ધ કરવા માટે ફરીથી ભોગનો માર્ગ લેવો પડે? તેમણે ભોગમાંથી પસાર થઈને પછી યથાર્થ બ્રહ્મચર્ય સિદ્ધ કરવું? ના. એમ કરવું હિતાવહ પણ નથી અને આવશ્યક પણ નથી. કારણ કે કોઈ પણ વિકૃતિ ભોગ દ્વારા ધોઈ શકાતી નથી. ભોગને દમનમુક્તિનો ઉપાય બનાવી શકાય તેમ નથી. દમન અને તેમાંથી ઊભી થયેલી વિકૃતિઓમાંથી મુક્ત થવા માટે ભોગના માર્ગે જવાનું નથી. દમનમાંથી મુક્ત થવાના બીજા વધુ સારા અને વધુ સાચા ઉપાયો છે.

જે બ્રહ્મચર્યને પરિણામે વ્યક્તિ પ્રસન્ન, સ્વસ્થ અને શાંત બને તે બ્રહ્મચર્ય યથાર્થ બ્રહ્મચર્ય છે. જે બ્રહ્મચર્યને પરિણામે વ્યક્તિનો પ્રાણ બળવત્તર બને તે યથાર્થ બ્રહ્મચર્ય છે. જે બ્રહ્મચર્યને પરિણામે વ્યક્તિના જીવનમાં અધ્યાત્મનું ઝરણું ફૂટી નીકળે તે યથાર્થ બ્રહ્મચર્ય છે. જે બ્રહ્મચર્યને પરિણામે વ્યક્તિના વિચારો, વાણી અને વર્તનમાં સંયમ અને સમતાની સુગંધ પ્રગટે તે યથાર્થ બ્રહ્મચર્ય છે. જે બ્રહ્મચર્યને પરિણામે વ્યક્તિનો ચહેરો પ્રસન્ન બને, આંખો સ્થિર અને નિર્મળ બને, વર્તન સમતોલ બને, ચાલ સુસંવાદી બને અને સમગ્ર જીવનમાં સહજ સ્વરૂપે સંયમ પ્રસરી જાય તે યથાર્થ બ્રહ્મચર્ય છે. જે બ્રહ્મચારીના સાન્નિધ્યથી મન પ્રસન્ન બને તે સાચો બ્રહ્મચારી છે.

•

# દર્શનોનું દર્શન – અને કાન્તદર્શન

આધુનિક યુગના એક મહાન મનીષી શ્રી જે. કૃષ્ણમૂર્તિ કહેઃ 'The life is greater than Philosophy.'

'જીવન, તત્ત્વજ્ઞાન કરતાં ઘણું મહાન છે.'

જીવન અને અસ્તિત્વ એટલું મહાન અને એટલું વ્યાપક છે કે તે કોઈ તત્ત્વજ્ઞાનમાં સમાઈ શકે તેમ નથી. જીવન અને અસ્તિત્વ અનંત છે અને તત્ત્વજ્ઞાન સીમિત છે. સીમિતમાં અસ્તિત્વ કેવી રીતે સમાઈ શકે? વ્યાપકમાં વ્યાપક તત્ત્વજ્ઞાન પણ જીવન અને અસ્તિત્વના એક અંશને જ અભિવ્યક્ત કરી શકે છે.

સત્ય, સાકરનો પહાડ છે. જ્ઞાનીઓ કીડીઓ છે. આ કીડીઓ સાકરના પહાડમાંથી સાકરના થોડા કણ પોતાના દરમાં લઈ જઈ શકે, પરંતુ સાકરના આખા પહાડને કોઈ લઈ જઈ શકે નહીં.

એક મહાન ભવનનાં, દસ અલગ અલગ સ્થાને ઊભાં રહીને દસ ફોટોગ્રાફ્સ લેવામાં આવે તો દસેય ફોટોગ્રાફ્સ અલગ અલગ બનશે. કયો ફોટોગ્રાફ સાચો? દસેય સાચા છે, પરંતુ એકેય પૂર્ણ નથી. પ્રત્યેક ફોટોગ્રાફ ભવનના એક એક અંશને અભિવ્યક્ત કરે છે, પરંતુ કોઈ ફોટોગ્રાફમાં ભવન પૂર્ણતઃ આવી જતું નથી. આ ફોટોગ્રાફની જેમ આપણા તત્ત્વજ્ઞાનની પ્રત્યેક શાખા પણ આંશિક દર્શન રજૂ કરે છે. પ્રત્યેક તત્ત્વજ્ઞાન સાચું છે, પરંતુ પૂર્ણ દર્શન એકેય નથી.

માનવચેતનામાં જીવન અને અસ્તિત્વનું પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન સમાઈ ન શકે.

આપણે આપણા આંશિક દર્શનને પૂર્ણ દર્શન માની લેવાની ભૂલ ન કરીએ, તે માટે સાવધાન કરનાર કોઈ દર્શન છે? દર્શનોનું દર્શન કરાવનાર તે દર્શન છે અનેકાન્તદર્શન.

માનવદર્શનની આ મર્યાદા અને જીવન ગહન રહસ્યમયતાને અનેકાન્તવાદ એક ઘણી વિશિષ્ટ રીતે અભિવ્યક્ત કરે છે.

અનેકાન્તવાદ અર્થાત્ સ્યાદ્વાદ વસ્તુતઃ કોઈ વાદ નથી, પરંતુ સર્વ વાદોની મર્યાદા અભિવ્યક્ત કરનાર વિશિષ્ટ દર્શન છે અને તેથી તે દર્શનોનું દર્શન છે.

તત્ત્વજ્ઞાનીઓ તત્ત્વજ્ઞાનની રચના કરે છે, તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો આપે છે, પરંતુ દ્રષ્ટાઓ, સૂરિઓ તત્ત્વજ્ઞાનની રચના નથી કરતા. તેઓ તો આમ કહે છે :

'અમને આમ દેખાય છે, પરંતુ અમારું દર્શન અંતિમ કે પૂર્ણ નથી અને અમને જે દેખાય છે, તે પણ બુદ્ધિપૂર્વક અને ભાષાના માધ્યમથી અભિવ્યક્ત કરી શકાય તેમ નથી.'

અને આટલું કહીને તેઓ મૌન થઈ જાય છે, પરંતુ તેમને બહુ આગ્રહ કરીને કહેવામાં આવે છે :

'પણ તમે કંઈક તો કહો!'

ત્યારે તેઓ કહે છે :

'પણ ભાઈ! સત્યને અનેક રીતે અભિવ્યક્ત કરી શકાય છે અને આ રીતો પ્રથમ દૃષ્ટિએ પરસ્પરવિરોધી પણ લાગી શકે અને તેથી અમારે જે કહેવું છે, તે છે – અનેકાન્તવાદ!'

આમ અને આટલું કહીને સૂરિઓ મૌન થઈ જાય છે. તેમનાં આ દર્શનનો આધાર લઈને 'અનેકાન્તવાદ' આ નામ અને સિદ્ધાંતની રચના તો આપણે કરી છે, સૂરિઓ તો આટલું કહીને મૌન થઈ ગયા છે!

અનેકાન્તવાદ વસ્તુતઃ વાદ નથી, પરંતુ સર્વ વાદોથી પર થઈને કરેલું દર્શન છે. અનેકાન્તવાદમાં પ્રયુક્ત 'વાદ' ગેરમાર્ગે દોરનારો છે. આ અનેકાન્તવાદ નથી, પરંતુ અનેકાન્તદર્શન છે, તેમ કહેવું વધુ સાચું છે.

જૈન આચારમાં પ્રધાન તત્ત્વ 'અહિંસા' છે. જૈન આચારનાં પ્રધાન અંગો મહદ્ અંશે 'અહિંસા'ને કેન્દ્રમાં રાખીને, અહિંસાની આજુબાજુ ગોઠવાયેલાં છે. આચારનું આ મુખ્ય તત્વ અહિંસા 'વિચાર' સુધી પહોંચે અને વિચારણાને પણ પ્રભાવિત કરે તો? તો તેમાંથી અનેકાન્તવાદ કે સ્યાદ્વાદ નિષ્પન્ન થાય છે અને તેમ જ થયું છે. જ્યારે આપણે કોઈ એકદેશીય દર્શનને જ પકડીને તેને

જ સત્ય ગણવાનો દુરાગ્રહ રાખીએ છીએ ત્યારે તેમાં સૂક્ષ્મ સ્વરૂપે અર્થાત્ વૈચારિક ભૂમિકા પર હિંસા થાય છે. જૈનદર્શનને આવી સૂક્ષ્મ કે વૈચારિક હિંસા પણ માન્ય નથી અને તેમાંથી અનેકાન્તવાદ નિષ્પન્ન થાય છે.

આ પૃથ્વી પર અગણિત દર્શનો પ્રગટ્યાં છે અને વિકસ્યાં છે. અનેકાન્તવાદ જે સ્પષ્ટ દર્શન જૈનદર્શનમાં છે, તેટલું સ્પષ્ટ અને નિશ્ચયાત્મક દર્શન અન્ય દર્શનોમાં જોવા મળતું. તેથી જ અનેકાન્તવાદ કે અનેકાન્તદર્શન જૈનદર્શનનું વિશિષ્ટ અને મૌલિક પ્રદાન ગણાય છે.

આમ છતાં આપણે સ્વીકારવું જોઈએ અને કહેવું જોઈએ કે જૈનેતર દર્શનમાં પણ અનેક સ્થાને કોઈ ને કોઈ રૂપે, ભલે 'અનેકાન્તવાદ' શબ્દનો પ્રયોગ કર્યા વિના પણ અનેકાન્તવાદનાં તત્ત્વો જોવા મળે છે. અહીં આપણે થોડાં દૃષ્ટાંતો જોઈએ.

## ૧. વેદાંતમાં માયાનું સ્વરૂપ :

અદ્વૈત વેદાંતમાં 'માયા'ની ધારણા ઘણી મહત્ત્વપૂર્ણ અને ચાવીરૂપ ગણાય છે. આ જગતના કોયડાને અદ્વૈતવેદાંત દર્શન માયાવાદ દ્વારા સમજાવે છે.

માયા થકી જ આ જગત પ્રતીત થાય છે. આ જગત સત્ નથી અને છતાં માયાને કારણે સત્ જેવું જણાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે અદ્વૈતવાદી વેદાંત દર્શનમાં બ્રહ્મને જ એકમેવાદ્વિતીય તત્ત્વ ગણવામાં આવે છે. તો માયાને ક્યાં મૂકશો?

ઉત્તર છે – માયા સત્ નથી, માયા અસત્ નથી, માયા સત્ અને અસત પણ નથી, માયા સત્ અસત્‌થી વિલક્ષણ પણ નથી. તો માયા કેવી છે? કોઈ શબ્દ દ્વારા કહી શકાય તેમ નથી, તેથી માયાને અનિર્વચનીય ગણવામાં આવ્યું છે.

જુઓ અહીં કોઈ ને કોઈ રૂપે અનેકાન્તવાદનું તત્ત્વ છે જ!

## ૨. વૈષ્ણવ દર્શનોમાં પરમાત્માનું સ્વરૂપ :

વૈષ્ણવ દર્શનોમાં પરમાત્માના સ્વરૂપ વિશે આમ કહેવાય છે :

પરમાત્મા સગુણ છે, નિર્ગુણ પણ છે.

પરમાત્મા સાકાર છે, નિરાકાર પણ છે.

પરમાત્મા કર્તા છે, અકર્તા પણ છે.

સગુણ અને નિર્ગુણ, સાકાર અને નિરાકાર, કર્તા અને અકર્તા – આ પરસ્પરવિરોધી તત્ત્વો છે. તો આ તત્ત્વો પરમાત્મામાં એકસાથે કેવી રીતે સંભવે?

વૈષ્ણવદર્શનો આ ઉત્તર આ પ્રમાણે આપે છે :

પરમાત્મા અનંત છે અને જે અનંત હોય તે પરસ્પરવિરોધી ગુણોનું આશ્રયસ્થાન હોય છે. તેથી પરમાત્મામાં આ સર્વ પરસ્પરવિરોધી લાગતા ધર્મો સંભવી શકે છે.

જુઓ! આ વૈષ્ણવદર્શનોમાં આવેલો અનેકાન્તવાદ જ છે.

## ૩. ઉપનિષદમાં અનેકાન્તવાદ :

तदेजति तन्नेजति तद् दूरे तद्वन्ति के।
तदन्तरस्य सर्वस्य तद् सर्वस्यास्य बाह्यतः॥

– *ईशावास्योपनिषद्-५*

*'તે ચાલે છે, તે ચાલતો નથી. તે દૂર છે અને તે અત્યંત નજીક પણ છે.*
*તે સમસ્ત જગતની અંદર પણ છે અને તે સમસ્ત જગતની બહાર પણ છે જ.'*

ઉપનિષદના આ મંત્રમાં પરમાત્માના સ્વરૂપનું કથન થયું છે. અહીં પણ પરમાત્મા માટે પરસ્પરવિરોધી જણાય તેવા ગુણોનું કથન થયું જ છે. તે ચાલે છે અને ચાલતો નથી. તે દૂર પણ છે અને અત્યંત નજીક પણ છે જ. તે જગતની અંદર પણ છે અને બહાર પણ છે જ!

અનેકાન્તવાદને સ્વવિરોધી સિદ્ધાંત કહેનારા દર્શનિકો! સાંભળો! અહીં ઉપનિષદના ઋષિ શું કહે છે? અહીં એક સ્વરૂપે અનેકાન્તવાદ છે જ!

## ૪. સિદ્ધત્વમપિ સાપેક્ષ :

ભગવાન શંકરાચાર્યકૃત બ્રહ્મસૂત્ર ભાષ્યમાં એક સુંદર પ્રસંગ આવે છે. અદ્વૈતવાદની પ્રતિષ્ઠા સિદ્ધ કરવા માટે ભગવાન શંકરાચાર્ય સાંખ્યદર્શનના દ્વૈતવાદનું ખંડન કરે છે. તે વખતે પૂર્વપક્ષ આમ કહે છે :

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન કપિલને સિદ્ધોમાં પણ સર્વશ્રેષ્ઠ કહે છે.

सिद्धाना कपिलो मुनिः।

*– ગીતા; ૧૦-૨૬*

*'હે (અર્જુન!) સિદ્ધોમાં હું કપિલમુનિ છું.'*

આમ ભગવાન શ્રીકૃષ્ણ કપિલમુનિને પોતાની વિભૂતિ ગણાવે છે અને સિદ્ધોમાં સર્વશ્રેષ્ઠ ગણાવે છે. આવા સિદ્ધોમાં પ્રધાન કપિલમુનિપ્રણિત સાંખ્ય દર્શનને ખામીયુક્ત અને તેથી ખંડનપાત્ર કેવી રીતે ગણી શકાય?

પૂર્વપક્ષની આ દલીલના ઉત્તરમાં ભગવાન શંકરાચાર્ય લખે છે :

सिद्धत्वमयि सापेक्षं

*'સિદ્ધત્વ પણ સાપેક્ષ છે'*

આનો અર્થ એમ કે સિંહોનું સિદ્ધત્વ પણ સાપેક્ષ છે. અહીં કોઈ નિરપેક્ષ સિદ્ધ નથી કે કોઈ સિદ્ધનું વિધાન નિરપેક્ષ કે પૂર્ણ સત્ય છે, એમ ન કહી શકાય.

અહીં સાપેક્ષતાનું કથન આ વાતને અનેકાન્તવાદ તરફ લઈ જાય છે.

## ૫. આલ્બર્ટ આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ :

અરે! જુઓ! જુઓ! આ અનેકાન્તવાદ તત્ત્વજ્ઞાનના સીમાડા ભેદીને હવે વિજ્ઞાન સુધી પહોંચી ગયો છે. માત્ર તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જ આ જગતનું જ્ઞાન સાપેક્ષ (સ્યાદ્વાદ) છે, તેમ નથી હવે વૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ આ જગતને, આ જગતના સ્વરૂપને, આ જગતવિષયક આપણાં દર્શનને સાપેક્ષ સિદ્ધ કરવા સુધી આપણે પહોંચી ગયા છીએ. આનો અર્થ એમ થયો કે અનેકાન્તવાદનો વિજ્ઞાનમાં પ્રવેશ થયો છે.

આ સૃષ્ટિ વિશેના વિજ્ઞાનના દર્શનને, આ સૃષ્ટિના સ્વરૂપને, ગતિને, સૃષ્ટિના સંચાલનને, પ્રક્રિયાને આમ સર્વત્ર સાપેક્ષવાદ સિદ્ધ કરીને વિશ્વના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇન અનેકાન્તવાદનો વિજ્ઞાન ક્ષેત્રમાં પ્રવેશ કરાવે છે. ભલે, તેમણે જૈનદર્શનનો અભ્યાસ ન કર્યો હોય કે ભલે તેઓએ 'અનેકાન્તવાદ' શબ્દ સાંભળ્યો પણ ન હોય!

## ૬. ભગવાન બુદ્ધનું મૌન :

જીવન અને અસ્તિત્વનું સ્વરૂપ એવું અને એટલું અગાધ અને રહસ્યપૂર્ણ છે કે

તેના વિશે કોઈ નિશ્ચયાત્મક વિધાન કરવું બહુ મુશ્કેલ છે. આ સત્યને સમજીને ભગવાન બુદ્ધ આત્મા, પરમાત્મા, અસ્તિત્વનું સ્વરૂપ આદિ રહસ્યપૂર્ણ વિગતો વિશે મૌન જ રહ્યા છે. બૌદ્ધધર્મમાં આત્મા-પરમાત્માનો વિચાર થયો નથી.

બૌદ્ધદર્શનમાં આત્મા-પરમાત્માનો સ્વીકાર નથી. વસ્તુતઃ ભગવાન બુદ્ધે આત્મા-પરમાત્માનો ઇનકાર નથી કર્યો. તેઓ માત્ર તે વિશે મૌન જ રહ્યા છે. તેમના મૌનનો પછીથી ઇનકારવાચક અર્થ કરી લેવામાં આવ્યો છે. ભગવાન બુદ્ધ કોઈ ગામ, નગર કે સમાજમાં જતા ત્યારે પહેલાં બૌદ્ધ ભિક્ષુઓ ઢોલ વગાડીને ભગવાન બુદ્ધને અમુક પ્રશ્નો ન પૂછવાની સૌને સૂચના આપતા. આ પ્રશ્નોની યાદીમાં આત્મા-પરમાત્માવિષયક પ્રશ્નોનો પણ સમાવેશ થતો. એટલું જ નહીં, પરંતુ નિર્વાણ કે જે બૌદ્ધ ધર્મનું પરમ પ્રાપ્તવ્ય છે, તેના સ્વરૂપ વિશે પણ બુદ્ધ અને બૌદ્ધ ધર્મ મૌન જ રહે છે. આમ શા માટે? કારણ એક જ છે કે આ બધાં તત્ત્વોનું સ્વરૂપ માનવચેતના માટે અગમ્ય છે. જે અગાધ છે. રહસ્યપૂર્ણ છે, તેના વિશે કોઈ નિશ્ચયાત્મક વિધાન કેવી રીતે થઈ શકે?

ભગવાન બુદ્ધ પરમ જ્ઞાની પુરુષ છે અને છતાં અસ્તિત્વનાં આ રહસ્યપૂર્ણ સત્યો વિશે મૌન કેમ રહ્યા છે. કારણ એક જ છે, અને તે છે – અભિવ્યક્તિની મર્યાદા.

આ અભિવ્યક્તિની મર્યાદા દ્વારા અહીં કોઈ સ્વરૂપે અનેકાન્તદર્શન સૂચિત થાય છે!

જૈનસૂરિઓએ જે રહસ્ય સપ્તભંગી ન્યાય દ્વારા અભિવ્યક્ત કર્યું છે, તે જ રહસ્ય ભગવાન બુદ્ધ મૌન દ્વારા અભિવ્યક્ત કરે છે. મૂળ વાત એક જ છે.

सब शयाने एक मत।

## ૭. સૉક્રેટિસનું અજ્ઞાન :

સૉક્રેટિસ જ્ઞાની પુરુષ છે, આવો સર્વસંમત મત છે. આમ છતાં સૉક્રેટિસ પોતાને કદી જ્ઞાની પુરુષ ગણતા નહીં. તેઓ કહેતા 'હું જાણતો નથી, હું અજ્ઞાની છું' જ્ઞાની સૉક્રેટિસ પોતાને જ્ઞાની કેમ ગણાવતા નથી? અજ્ઞાની શા માટે કહે છે? કારણ સ્પષ્ટ છે. જ્ઞાની પુરુષ પોતાના જ્ઞાન થકી જીવન અને રાપ્તિતાની અગાધ રહસ્યમયતાને જોઈ શકે છે. તેથી તેઓ પોતાના જ્ઞાનની મર્યાદાને અને

પોતાના અજ્ઞાનને જોઈ શકે છે. તેથી તેઓ જાણે છે અને તેથી કહે છે અહીં કોઈ પૂર્ણજ્ઞાની નથી અને તદ્નુસાર હું પણ પૂર્ણજ્ઞાની નથી.

એક વાર ડેલ્ફિની દેવીએ જાહેર કર્યું કે સૉક્રેટિસ ગ્રીસના સૌથી મહાન જ્ઞાની પુરુષ છે.

લોકો સૉક્રેટિસ પાસે પહોંચ્યા અને તેમણે સૉક્રેટિસને કહ્યું :

'આપ કહો છો કે આપ જ્ઞાની પુરુષ નથી; પરંતુ ડેલ્ફિની દેવીએ તો કહ્યું કે આપ ગ્રીસના સૌથી મહાન જ્ઞાની પુરુષ છો. તો અમારે શું સમજવું?'

સૉક્રેટિસ તો ત્વરિત ઉત્તર આપે છે :

'ડેલ્ફિની દેવીની વાત સાચી છે. મારા અને તમારા વચ્ચે આટલો જ ફેર છે.'

'તમે જાણતા નથી અને તમે એ પણ જાણતા નથી કે તમે જાણતા નથી. તમે અજ્ઞાની છો, પરંતુ તમને તમારા અજ્ઞાનની પણ જાણ નથી.'

'હું પણ જાણતો નથી, પરંતુ હું એટલું તો અવશ્ય જાણું છું કે હું જાણતો નથી. હું પણ અજ્ઞાની છું, પરંતુ મને મારા અજ્ઞાનની જાણ છે.'

જુઓ જ્ઞાની સૉક્રેટિસ પણ પોતાને જ્ઞાની ગણતા નથી, કારણ કે આ અફાટ અને અગાધ રહસ્યપૂર્ણ અસ્તિત્વને કોણ જાણી શકે?

આ છે – સૉક્રેટિસનો અનેકાન્તવાદ! આપણું આ અસ્તિત્વ વિશેનું જ્ઞાન કેવું છે?

કંઈક આવું.

એક સમુદ્રમાં કિનારા પાસે બે માછલીઓ રહેતી હતી. એક નાની માછલી હતી અને બીજી મોટી માછલી હતી.

એક વાર નાની માછલીએ મોટી માછલીને પૂછ્યું,

'દીદી! માણસો અહીં કિનારે સવાર-સાંજ ફરવા આવે છે. તેઓ 'સમુદ્ર, સમુદ્ર' એમ બોલ્યા કરે છે. આ સમુદ્ર શું છે?'

મોટી માછલી ઉત્તર આપે છે,

'બહેન! માણસજાતને આવો લવારો કરવાની ટેવ છે. 'સમુદ્ર' માણસોએ ફેલાવલી એક અફવા છે. આપણે અફવાના ભોગ ન બનવું.'

આપણે જીવનસમુદ્રનાં માછલાં છીએ અને આપણું જીવન સમુદ્રવિષયક જ્ઞાન માછલી જેવું છે.

અહીં આપણી પાસે અને આપણી મદદે અનેકાન્તદર્શન આવે છે. અનેકાન્તવાદ આપણને, માનવજાતને કહે છે :

'હે મારા માનવબંધુઓ! તમારા જ્ઞાનના પ્રમાણમાં અસ્તિત્વવિષયક તમારું અજ્ઞાન અનેકગણું વધુ છે. તેથી માછલીની જેમ જીવનસમુદ્ર અફવા ગણી કાઢવાની ભૂલ ન કરશો!'

**સમાપન :**

કોઈ પણ દર્શન જ્યારે અનેકાન્તવાદના સ્વરૂપને સમજે નહીં અને તેના હાર્દને સ્વીકારે નહીં ત્યારે તે દર્શન દુરાગ્રહી બની જાય છે અને સ્વમતમંડન અને પરમતમંડનમાં પડી જાય છે, પરંતુ જો આપણે અનેકાન્તવાદના હાર્દને આત્મસાત્ કરી શકીએ તો આપણે આ ખંડનમંડન અને વિતંડાવાદમાંથી બચી શકીએ છીએ. તેથી આ અનેકાન્તવાદ સર્વદર્શનોનું દર્શન છે!

●